ગાંધીનગર ખેતીવાડી ખાતુ અને આત્મા પ્રોજેક્ટ અન્વયે મહિલા કૃષિ તાલીમ વર્ગનું આયોજન સેક્ટર-૧૫ ખાતે ખેડૂત તાલીમ શાળામાં કરવામાં આવ્યું હતું. આ તાલીમ શાળામાં જિલ્લાની ૬૩ બહેનોએ તાલીમ લીધા બાદ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સાથોસાથ મહિલા ખેડૂતોને ઉપયોગી માઈક્રો ન્યુટ્રિશ્યિન્સ, પી.એસ.બી. તેમજ ઉપયોગી સાહિત્યની કિટ પણ એનાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત કે.ટી. પટેલ, નાયબ ખેતી નિયામક (તાલીમ), એમ.જી. પટેલ મદદનીશ ખેતી નિયામક, ગીતાબેન, તાલીમ અધિકારી હાજર રહ્યા હતા. (તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

# બસમાં ચઢતા મુસાફરના ખિસ્સામાંથી બંટી-બબલીએ ૩૧ હજાર સેરવી લીધા

## મુસાફરના સ્વાંગમાં ખિસ્સા કાતરવા આવેલા દાહોદના દંપતીની એલ.સી.બી.એ કરી ધરપકડ

ગાંધીનગર, તા.૨૮

મુસાફરના સ્વાંગમાં આવીને નિર્દોષ મુસાફરોને બસમાં ચઢતી ઉતરતી વખતે ભીડભાડમાં ધક્કામુક્કી કરી ખિસ્સા કાતરી જતી સંખ્યાબંધ ગેંગ સક્રીય થયેલી છે હવે આ સીલસીલો બંટી બબલી દ્વારા શરુ કરવામાં આવ્યો છે. દંપતીને જોતા આ લોકો ખિસ્સાકાતરુ ન હોય કેમ કે ફેમીલી સાથે છે આવો ભાસ ઉભો કરાવવા નવી એમ.ઓ. શરુ કરવામાં આવી છે અને દંપતી જ ખિસ્સા કાતરવા સક્રીય થઈ જાય છે. મહિનામાં ગાંધીનગર ડેપોમાંથી બીજું દંપતી ખિસ્સા કાતરતા ઝડપાયું છે. બસમાં ચઢતી વખતે ધક્કામુક્કી કરીને કોઈ મુસાફરનું ખિસ્સું સેરવી લઈ બસ ઉપડે તે જ સમયે બસમાંથી ઉતરી જવાની એમ.ઓ. ધરાવતા બંટી-બબલીને આજે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે એસ.ટી.ડેપોમાંથી રૂ. ૩૧ હજાર સાથે ઝડપી લીધા છે. નાગરિક બેંકના પૂર્વ રીકવરી ઓફિસરનું ખિસ્સુ દંપતી બંટી-બબલીએ કાતર્યું હતું. પોલીસે બંનેની ઊંડી પુછપરછ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ કુડાસણ ગામમાં રહેતા અને નાગરિક બેંકનાં પૂર્વ રીકવરી ઓફીસર જીવણજી ગાંડાજી ચૌહાણ આજે બપોરે પોણા બે વાગ્યે સરગવાનું બિયારણ લેવા ગાંધીનગરથી અમદાવાદ જવા ડેપોમાં આવ્યા હતા. અમદાવાદ રૂટની બસમાં જ્યારે તેઓ બેઠા ત્યારે એક યુવાન અને યુવતીએ ચઢતી વખતે ધક્કો માર્યો હતો પરંતુ દંપતી હોવાથી જીવણજીને કાંઈ ખ્યાલ આવ્યો ન હતો. બસ ઉપડવાની તૈયારી થઈ ત્યારે બંને બસમાંથી કોઈ બહાનું કાઢીને ઉતરી ગયાં...દશેક મિનીટમાં બસના કંડકટરને ગાંધીનગર ડેપોમાંથી ફોન આવ્યો કે કોઈ મુસાફરના રૂપિયા ગયા છે ચેક કરો...! જીવણજીએ ખિસ્સા તપાસ્યા તો તેમના ખિસ્સામાં છુટા મુકેલા રૂ. ૩૧ હજાર રોકડા ગાયબ હતાં. જીવણજીએ ડ્રાઈવરને બુમ પાડી તેમના રૂપિયા ગયા હોવાનું કહેતા બસ પાછી એસ.ટી.ડેપો લઈ જવાઈ હતી. પોલીસે ૩૧ હજાર રોકડા સાથે બંટી-બબલીને પકડયા હતાં. જેનાથી જાણ થઈ કે તે બસમાંથી એક મુસાફરના ખિસ્સામાંથી રૂપિયા ઉપાડવામા આવ્યા હતા જેથી પોલીસે જ બસમાં ફોન કરાવ્યો હતો. દાહોદના મોટી ખડક વિસ્તારના નરેશ માનસિંગ ભાભોર અને તેની પત્નિને ગાંધીનગર એલસીબીએ ૩૧હજાર સેરવી લેવાના કેસમાં અટકાયત કરી નરેશની ધરપકડ કરી લીધી છે અને તેની પત્નિનો આ કેસમાં રોલ છે કે કેમ તેની તપાસ શરુ કરવામાં આવી છે.

# જિલ્લા પોલીસે રથયાત્રા રૂટનું સ્થળ નિરીક્ષણ શરુ કરી દીધું

## દરેક પોલીસ મથકના અમલદારોએ પોતાના હદ વિસ્તારમાં આવેલા સંવેદનશીલ વિસ્તારો શોર્ટ લીસ્ટ કર્યા

ગાંધીનગર, તા.૨૮

અષાઢી બીજ રથયાત્રાને ગણતરીના દિવસો બાકી છે ત્યારે રથયાત્રાની તડામાર તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે. પોલીસ તંત્રથી માંડીને વહીવટીતંત્ર ઉપરાંત રથયાત્રા આયોજકો પણ સક્રીય થઈ ગયા છે. રથયાત્રાના દિવસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર જિલ્લા પોલીસ વડાની સુચનાથી દરેક પોલીસ સ્ટેશનના અમલદારોએ પોતપોતાના હદ વિસ્તારમાંથી નિકળતી રથયાત્રાનુંસ્થળ નિરીક્ષણ શરુ કરી દીધું છે. તો બીજી તરફ પોતાની હદમાં કેટલા વિસ્તારો સંવેદશીલ તથા અતિસંવેદનશીલ છે તેને લીસ્ટ આઉટ કરી દેવામાં આવ્યા છે.

રથયાત્રામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર અત્યારથી જ કામે લાગી ગયું છે. રથયાત્રાના બે દિવસ અગાઉથી જ પેટ્રોલીંગ સઘન બનાવી દેવામાં આવશે અને કોમ્બીંગ નાઈટ રાખવામાં આવશે. જે જે વિસ્તારોમાંથી રથયાત્રા નીળળશે તે તમામ વિસ્તારો અને તેમાં સમાવિષ્ટ રૂટનું સ્થાનિક પોલીસ મથકના અમલદારો દ્વારા નિરીક્ષણ શરુ કરી દેવામાં આવ્યું છે તે ઉપરાંત આ રૂટમાં સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ ગામ તથા સ્થળની યાદી કરીને તે વિસ્તારમાં વિશેષ બંદોબસ્ત વ્યવસ્થા ગોઠવવા ગતિ વિધી થઈ ગઈ છે. ગાંધીનગર શહેર તથા જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી નીકળનાર રથયાત્રાનું રૂટ પર જઈને પરિક્ષણ કરવાની એસ.પી. શરદ સિંઘલની સુચનાથી આજથી જિલ્લાના તમામ પોલીસ અમલદારોએ સ્થળ પર જઈને રૂટ વિઝીટ લીધી હતી.

# ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજની કારોબારી મળી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સસમાજની કારોબારી બેઠક આજે સેક્ટર-૬ ખાતે મળી હતી, જેમાં ગુજરાત વિધાનસભા નિવૃત્ત નાયબ સચિવ અને છેલ્લા ૩ વર્ષથી વિધાનસભા પેન્શનર્સ સમાજના પ્રમુખ નૌતમલાલ નિમાવતના ૭૫મા જન્મદિન નિમિત્તે પેન્શનર્સસમાજ તરફથી તેઓને શુભેચ્છા આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કારોબારી બેઠક દરમ્યાન જીવનરૂપી ઘેઘૂર વડલાની છાયા બનતા નૌતમલાલ નિમાવતના ૭૫મા જન્મદિન નિમિત્તે સગા-સ્નેહીજનો, શુભેચ્છકો દ્વારા જન્મદિનની શુભેચ્છાઓ આપવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા પેન્શનર્સસમાજના ઉપપ્રમુખ વિનોદભાઈ દલાલ, મંત્રી ભૂપેન્દ્રભાઈ શાહ, ખજાનચી ભાણાભાઈ સેઈલર, માનદ મંત્રી શ્રી કાગદી તેમજ કિશોર પંડ્યા, મોહનભાઈ શિનોલ, લાલજીભાઈ રાજગુરુ, પોપટભાઈ ચૌહાણ, અર્જૂનભાઈ બાદલ હાજર રહ્યા હતા. આ બેઠકમાં આગામી વર્ષ દરમિયાન યોજાનાર કાર્યક્રમોના અને પ્રવાસના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# મહામંડળ દ્વારા અસ્થિ વિસર્જન કાર્ય સંપન્ન

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને સદવિચાર પરિવારના સંયુક્ત ઉપક્રમે શહેરના મૃતકોના અસ્થિઓનુ ગંગા નદીમાં હરિદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવે છે. દર ત્રણ માસની જેમ આ માસે પણ ૪૧૭ સ્વર્ગસ્થોના અસ્થિઓને પવિત્ર ગંગા નદીમાં પધરાવવામાં આવ્યા હતાં. માસમાં વર્ષાનો પ્રારંભ થઈ ગયો હતો, હવામાન પ્રતિકુળ હતું અને વેકેશનની રજાઓમાં પ્રવાસીઓનો ધસારો હતો. આવા પ્રતિકુળ સંજોગોમાં ગાંધીનગર શહેર વસાહત મહાંડળના સહમંત્રી ઉદયભાઈ ત્રિવેદી અને સદવિચાર પરિવાર અમદાવાદના જે.કે. પટેલે ૪૧૭ આત્માઓના અસ્થિ પવિત્ર ગંગા નદીમાં વિસર્જીત કર્યા હતા. આજ રીતે માર્ચ ૨૦૧૩માં પણ ૩૭૦ સ્વજનોના અસ્થિઓનું વિસર્જન શશીકાંતભાઈ મોઢા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાનો પ્રમાણપત્ર વિતરણ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાનો ૬ વીક સર્ટીફીકેટ કોર્ષ પદવીદાન સમારંભ તાજેતરમાં સાઈ કોમ્પ્લેક્ષ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે દબદબાભેર યોજાઈ ગયો.

સિકસ વીક સર્ટીફીકેટ કોર્ષમાં કુસ્તી, કબડ્ડી, બેડમિન્ટન, હોકી, ફૂટબોલ, નેટબોલ જેવી રમતોની તાલીમ અપાઈ હતી. રમતોમાં પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરનાર સૌ રમતવીરોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલ સંસદીય પ્રધાન, કીનોટ સ્પીકર તરીક નેશનલ યુથ એવોર્ડ સંજીવ મહેતા તથા સાઈન ડાયરેકટર શ્યામ સુંદરજી ઉપસ્થિત રહ્યા હતા. 'એક ભારત... શ્રેષ્ઠ ભારત' માટે શ્રેષ્ઠ રમત ઉપર ધ્યાન આપવા મુખ્ય મહેમાન સંદીપ પ્રધાને જણાવ્યું અને ગુજરાત સરકારની યોજનાઓ અને પ્રતિબદ્ધતાની વાત કરી હતી. આ પ્રસંગે કોચ સલીમ સમા, દિનેશ બડમલિયા, સાઈના ડેપ્યુટી ડાયરેકટર પૂર્ણિમા કાટકર ઉપસ્થિતરહ્યા હતા. અંતે કાર્યક્રમનું આભાર દર્શન દિનેશ બડમલિયાએ કર્યું હતું.

# જનરલ હોસ્પિટલમાં સેવા આપતી મહિલા નિડરતાનું ઉત્તમ ઉદાહરણ

## ગાંધીનગર પોસ્ટમોર્ટમ વિભાગમાં ફરજ બજાવતા ઉષાબેને ૧૫૦૦ થી વધુ પોસ્ટમોર્ટમ કર્યા : એક ચોપડી પણ ભણ્યા નથી છતાં કેવા કેસમાં કેવા નમૂના લેવા તેની સારી સમજણ ધરાવે છે

ગાંધીનગર, તા. ૨૮

દેશ અને દુનિયામાં સ્ત્રી શશક્તિકરણનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સ્ત્રી-પુરૂષ સમોવડી બની દરેક ક્ષેત્રે ખભેથી ખભો મિલાવી અત્યારના આધુનિક જમાનામાં કામ કરી રહી છે, ત્યારે ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ વિભાગમાં કાપકુપની નોકરી છેલ્લા ઘણા સમયથી મહિલા કરી રહ્યા છે. હૃદયને કંપાવી નાંખનાર આવી કપરી કામગીરી કરનાર શહેરના બાહોશ મહિલાને સલામ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉષાબેન વિનોદભાઈ પરમાર ૧૯૮૯ થી ફરજ બજાવે છે. શરૂઆતના વર્ષો ઉષાબેન લેબોરેટરી વિભાગમાં ફરજ બજાવતા હતા. પરંતુ તેમના પતિ વિનોદભાઈ ખાનાભાઈ પરમાર જેઓ પહેલેથી જ પોસ્ટમોર્ટમ વિભાગમાં નોકરી કરે છે. પરંતુ ૨૦૦૮માં વિનોદભાઈ બિમાર પડ્યા હતા અને પોસ્ટમોર્ટમ વિભાગની કપરી કામગીરીમાં એક વ્યક્તિની મદદની જરૂરીયાત ઉભી થતાં તેમને તંત્ર સમક્ષ માંગ કરી હતી અને તેમના પત્ની ઉષાબેનની નિમણુંક પોસ્ટમોર્ટમ વિભાગમાં કરી હતી. ઉષાબેને છેલ્લા પાંચ વર્ષથી ૧૫૦૦ થી વધુ પોસ્ટમોર્ટમમાં કામકુપ કરી ફરજ બજાવી છે. ઉષાબેનને ૨૪ કલાકની ફરજમાં રાત્રે પણ કેટલાક પોસ્ટમોર્ટમાં એકલા હાથે ચિરકાપથી ફરજ નિભાવવી પડે છે. શિક્ષિત ન હોવા છતાં ઉષાબેનને ક્યાં પોસ્ટમોર્ટમના કયા નમુના પરિક્ષણ માટે લેવા પડશે. તેની સાદી સમજણ ધરાવે છે. જ્યારે મોટાભાગની સ્ત્રીઓ લોહી જોઈને ડરી જાય છે. તો કોઈને ચક્કર કે ઉલ્ટીઓ થાય છે. ત્યારે હિંમતવાન ઉષાબેન મક્કમતાથી તમામ પોસ્ટમોર્ટમમાં ફરજના ભાગરૂપે ખડા પગે હાજર રહે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પોસ્ટ મોર્ટમ રૂપની આગશથી પણ પસાર થતા ભાઈઓ અને બહેનો ડરતા હોય છે. પરંતુ આ જાંબાજ મહિલા પોતાની સંપૂર્ણ જવાબદારી ફરજ સાથે નિભાવવા અને કોઈપણ સમયે તત્પર રહેતા હોય છે. અને પોતાનું કામ પુરી નિષ્ઠાથી બજાવતા હોય છે. જે કામ કરતા મૂછાળા મર્દ પણ ગભરાઈ જતા હોય છે તેવું કામ મહિલા થઈ કરી રહ્યા છે. ખરેખર આ કામ સમાજની બહુ નજરમાં નથી આવતું પરંતુ ખરેખર સમાજને ઉપયોગી થતુ કાર્ય કરી રહ્યા છે અને ખુબજ પ્રશંશનીય કામગીરી કરી રહ્યા છે.

# પૂ. આચાર્યશ્રી ભાવચંદ્રજી સ્વામીના ચાતુર્માસ પ્રવેશની તડામાર તૈયારી

ગાંધીનગર, તા. ૨૮

સૌરાષ્ટ્રના પેરીસ તરીકે પ્રખ્યાત મોરબી શહેરમાં લીંબડી અજરામર સંપ્રદાયના જૈનાચાર્ય પૂજ્ય શ્રી ભાવચન્દ્રજી સ્વામી આદિઠાણા-૭, ૩૩ વરસ બાદ ચાતુર્માસ માટે પધારી રહ્યા હોઈ જૈન સમાજમાં ભારે ઉત્સાહની લહેર આવી છે.

પૂ. આચાર્યશ્રી ભાવચન્દ્રજી સ્વામી, મુનિરાજશ્રી વિમલચન્દ્રજી સ્વામી, ડૉ. શ્રી ચિંતનચન્દ્રજી સ્વામી, મુનિશ્રી વિવેકચન્દ્રજી સ્વામી, મુનિશ્રી ગૌતમચન્દ્રજી સ્વામી, મુનિશ્રી અરિહંતચન્દ્રજી સ્વામી, મુનિશ્રી દર્શનચન્દ્રજી સ્વામી ઠાણા-૭ આગામી અષાઢી બીજ તા. ૧૦ જુલાઈ-૨૦૧૩ સવારે ૮.૩૦ કલાકે મોરબી શનાળા રોડ પર શ્રી મણીબહેન પ્રભાશંકર શેઠ સ્થા. જૈન પૌષધશાળા ખાતે પ્રથમ વખત ચાતુર્માસિક આરાધના કરાવવા માટે મંગલ પ્રવેશ કરવાના હોઈ જૈન સંઘ દ્વારા જોરદાર તૈયારી ચાલી રહી છે.

પૂ. ભાવચન્દ્રજી સ્વામીના ગુરુદેવ પ્રસિદ્ધ જૈનાચાર્ય રૂપચન્દ્રજી સ્વામી, પૂ. ગુરુદેવ નવલચન્દ્રજી સ્વામીએ ૪૩ વરસ પહેલા ઈ.સ. ૧૯૭૦ માં સોની બજારના ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજ્યા હતા. દસ વરસ બાદ ઈ.સ. ૧૯૮૦ માં પૂ. આ. શ્રી ભાવચન્દ્રજી સ્વામીએ પણ સોની બજારમાં ચાતુર્માસ કર્યુ હતુ ત્યાર બાદ પુનઃ ૩૩ વર્ષે સ્થા. જૈન પૌષધશાળામાં ચાતુર્માસ પધારી રહ્યા હોઈ તેઓશ્રીનું સામૈયું કરવા જૈન સમાજના ભાવિકો, મહિલા મંડળ, યુવક મંડળ સહિત બહારગામના ૨૫૦૦ જેટલા ભાવિકો પધારશે.

સંઘના મંત્રી રોહિતભાઈ દોશીના નિવાસ સ્થાને (શક્તિ પ્લોટ-૮) થી સામૈયાનો પ્રારંભ થઈ શોભાયાત્રા રૂપે શનાળા રોડ, પૌષધશાળા થઈ રામચોક, લોહાણા વિદ્યાર્થી ભવન, રવાપર રોડથી વ્રજવાટીકા પાસે વિશાળ સમીયાણામાં સ્વાગત સમારોહ થશે. જેમાં અનેક રાજકીય મહાનુભાવો પણ પધારશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૧૬

## તાપમાન

મહત્તમ : ૩૬.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૫૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઘનચક્કર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રાંઝણા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
યે જવાની હૈ દિવાની : ૧૨.૪૫
ફુકરે : ૪.૦૦
ઘનચક્કર : ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
ઘનચક્કર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

### સૂર્યા, વાવોલ

રાંઝણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શિખંડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઘનચક્કર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રાંઝણા: ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
એનીમી : ૧૦.૪૫, ૪.૧૫,
શોર્ટકટ રોમિયો : ૧.૩૦, ૧૦.૦૦

### થિરાગ, કલોલ

મંગલફેરા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન અને ધાર્મિક કાર્યો થઈ શકે છે. કુટુંબીજનનો સાથ-સહકાર મળી રહેશે.

**વૃષભ** : દિવસ પ્રગતિકારક યોગ બનાવશે. બુદ્ધિ, તર્ક અને વિચાર શક્તિનો સદુપયોગ તમારા જીવનમાં સકારાત્મક પરિણામ પ્રદાન કરશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

**કર્ક** : આજીવિકાના ક્ષેત્રમાં પ્રગતિની તકને કારણે આર્થિક રોકાણ વધશે. પરિજનોનો અનુકૂળ સ્વભાવ તમને પ્રસન્નતા પ્રદાન કરશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચિ વધશે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યપાર-વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : કાર્યમાં મિત્રો, સંબંધીઓનો સહયોગ મળશે. પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંપર્ક બનશે, જે તમને પ્રગતિ પ્રદાન કરવામાં સહાયક થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**તુલા** : બધી દિશાથી શ્રેષ્ઠ પરિણામ આવશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાન કારક થઈ શકે છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : કાર્ય સફળતાને કારણે તમારા યશ અને સંબંધોમાં વધારો થશે. ગૃહસ્થ જીવનનો પૂર્ણ સહયોગ મળી શકશે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : શત્રુઓ પર વિજયકારક યોગ. તમને યશ અને સમ્માન અપાવશે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : વ્યાપારક્ષેત્રમાંનવા આયોજનો થઈ શકશે. નવા સંબંધો બંધાશે.કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

## ચિરવિદાય

● સ્વ.માસંગજી રામાજી ઠાકોર (ઉ.વ.૬૫) સેક્ટર-૧૫, ફતેપુરા, ગાંધીનગર.